**આપણે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની દુઆઓને નષ્ટ કરનાર ન બનીએ બલ્કે તે દુઆઓને જે આપે પોતાની જમાઅત માટે કરી છે તેના હંમેશા વારસદાર બનીએ આ દુઆ સાથે હું આપ સૌને નવા વર્ષની મુબારકબાદી આપુ છું. અલ્લાહતઆલા આ વર્ષને આપણા માટે વ્યકિતગત તથા સામુહિક રૂપથી પણ અસંખ્ય બરકતોનું કારણ બનાવે.**

*ખુલાસા ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા. ૦૧-જાન્યુઆરી-૨૦૧૬, સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતૂલ-લંડન*

તશહુદ તઆઉઝ અને સુરેહ ફાતેહાની તિલાવત બાદ હઝુર અનવર ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યુ.

આજે નવા વર્ષનો પ્રથમ દિવસ છે અને તે મુબારક જુમ્માના બરકતવાળા દિવસથી શરૂ થઈ રહ્યો છે પરંપરા અનુસાર નવા વર્ષની શરૂઆત થવાથી આપણે એકબીજાને શુભેચ્છાઓ પાઠવીએ છીએ મને પણ જમાઅતના લોકો નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી રહ્યાં છે. આપ લોકો પણ એકબીજાને શુભેચ્છા પાઠવી રહ્યાં હશો. પશ્ચિમ અથવા પ્રગતિશીલ કહેનારા દેશોમાં નવા વર્ષની રાત્રે આખી રાત શરાબ પીવું, હોહાપો કરવો, ફટાકડા અને ફુલઝડી જેવા ધમાકાઓથી નવા વર્ષનું આરંભ કરે છે બલ્કે હવે મુસ્લિમ દેશોમાં પણ નવા વર્ષનું આ રીતે સ્વાગત કરવામાં આવે છે. પરંતુ અહેમદીઓમાંથી અલ્લાહતઆલાના ફઝલથી ઘણા બધા એવા છે જેમણે પોતાની રાત ઈબાદતમાં પસારી અથવા સવારે વહેલા ઉઠીને નફીલ પઢીને નવા વર્ષની શરૂઆત કરી. ઘણા બધા સ્થાનેતો બાજમાઅત તહજ્જુદ પણ પઢવામાં આવી પરંતુ આ બધુ હોવા છતાં પણ અમે મુસ્લીમોની નજરમાં ગૈર મુસ્લીમ છીએ અને આ હોહાપો કરનાર, ફઝુલ ખર્ચ કરનાર, ગૈર મઝહિબની રસમોને મનાવનાર મુસ્લીમ છે.

અમે અલ્લાહતઆલાના ફઝલથી મુસ્લીમ છીએ અને અમોને કોઈના પ્રમાણપત્રની જરૂર નથી હાં જો અમે કોઈ પ્રમાણના ઈચ્છુક છીએ તો તે ખુદાતઆલાની નજરમાં વાસ્તવીક મુસ્લીમ બનીને પ્રમાણ લેવાની છે અને આના માટે માત્ર આટલુ જ પુરતુ નથી કે અમોએ વર્ષના પહેલા દિવસે વ્યકિતગત અથવા સામુહિક તહજ્જુદ પઢી લીધી અથવા સદકો આપી દીધો અને નેકીની વાતો કરી લીધી અને તેણે અમોને અલ્લાહતઆલાની પ્રસન્નતાનો ભાગીદાર બનાવી દીધો. અલ્લાહતઆલાતો હંમેશા નેકીઓ પોતાના બંદાથી ચાહે છે. અલ્લાહતઆલા ચાહે છે કે તેનો બંદો હંમેશા તેના આદેશોનું પાલન કરનાર હોય, નેકીઓ કરનાર હોય, નમાઝો તથા તહજ્જુદની સાથે દિલોમાં એક પવિત્ર ક્રાંતિ પેદા કરવાની જરૂર છે. ત્યારે ખુદાતઆલા ખુશ થાય છે. કોઈપણ પ્રકારની એવી નેકી જે માત્ર એક-બે દિવસ માટે હોય તે નેકી નથી માટે આપણે વિચારવું જોઈએ કે કયા પ્રકારના અમલ આપણે અપનાવા છે અથવા અપનાવા જોઈએ જે અલ્લાહતઆલાની ખુશી હાંસીલ કરનાર બનાવે માટે મે આજે જમાનાની સુધારણા માટે મોકલેલ અલ્લાહતઆલાના દુતની અમુક નસીહતો લીધી છે. જે આપે અમુક સમયે પોતાની જમાઅતને કરી છે જેથી હંમેશા તથા ક્રમ અનુસાર આપણે અલ્લાહતઆલાની ખુશીને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતા રહીએ. આ જ વાતો છે જે માત્ર વર્ષના પહેલા દિવસે જ નહિ બલ્કે બાર મહિના અને ૩૬૫ દિવસોને બાબરકત બનાવશે અને આપણે અલ્લાહતઆલાના ફઝલોને હાંસિલ કરનાર બની શકીશું. હઝરત મસીહ મોઉદ (અ.સ.) એક સ્થાને ફરમાવે છે કે હવે દુનિયાની હાલત જુઓ કે આપણા નબી કરીમ (સ.અ.વ.) એ તો પોતાના અમલથી આ બતાવ્યુ કે મારૂ મરવું અને જીવવું બધુ

અલ્લાહતઆલા માટે છે. અને હવે જે દુનિયામાં મુસ્લીમ મૌજુદ છે કોઈને પુછવામાં આવે શું તે મુસ્લીમ છે ? તો કહે છે કે અલહમ્દુલિલ્લાહ જેનો કલમો પઢે છે તેના જીવનનો મકસદ અલ્લાહતઆલા માટે હતો પરંતુ આ દુનિયા માટે જીવે છે. (કહે તો લાઈલાહા ઈલ્લલ્લાહ છે પરંતુ અલ્લાહના બદલે ફરમાવ્યું કે દુનિયા માટે જીવે છે) અને દુનિયા જ માટે મરે છે તે સમય સુધી કે મુત્યુનો સમય આવી જાય દુનિયા જ તેને પ્રિય, લક્ષ્ય તથા ઉદ્દેશ રહે છે પછી કેવી રીતે કહી શકે કે છે કે હું રસૂલુલ્લાહ (સ.અ.વ.) નું અનુસરણ કરુ છુ. ફરમાવ્યુ કે આ ખૂબ વિચાર કરવાની વાત છે તેને સામાન્ય ન સમજો. મુસ્લીમ બનવુ આસાન નથી. રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની આજ્ઞા પાલન અને ઈસ્લામનો નમૂનો જ્યાં સુધી પોતાની અંદર પૈદા ન કરો ત્યાં સુધી સંતુષ્ટ ન થાવ.....

આ વાત હવે સારી રીતે સમજાઈ શકે છે કે અલ્લાહતઆલાનો પ્રિય થવું ઈન્સાનના જીવનનો મૂળ ઉદ્દેશ હોવો જોઈએ કેમકે જ્યાં સુધી અલ્લાહતઆલાનો પ્રિય ન હોય તથા ખુદાનો પ્રેમ ન મળે સફળ જીવન પસાર નથી કરી શકતો અને આ બાબત પૈદા નથી થઈ શકતી જ્યાં સુધી રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની સાચી આજ્ઞા પાલન અને પેરવી ન કરો અને રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ પોતાના અમલથી બતાવી દીધુ છે કે ઈસ્લામ શું છે. માટે તમે તે ઈસ્લામ તમે પોતાની અંદર પૈદા કરો જેથી તમે ખુદાના પ્રિય બનો.

ઈસ્લામ દુનિયાની નેઅમતોથી મનાઈ નથી કરતો બલકે દુનિયામાં રહેતા ધર્મને દુનિયા પર પ્રાથમિકતા આપવાનો ઉદ્દેશ આપે છે આ વિશે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ફરમાવે છે કે ઈસ્લામ એ સન્યાસ લેવાથી મનાઈ કરી છે. આ ડરપોકોનું કામ છે. મોમિનના સંબંધો દુનિયા સાથે જેટલા વધારે હોય તે તેના ઉચ્ચ મરતબાને યોગ્ય હોય છે કેમકે તેનો ઉદ્દેશ દીન (ધર્મ) હોય છે અને દુનિયા તથા તેનો માલ ધર્મનો સેવક હોય છે. અસલ વાત એ છે કે દુનિયા પ્રાપ્તિ મકસદ ન હોય બલ્કે દુનિયાની પ્રાપ્તિમાં અસલ ઉદ્દેશ ધર્મ હોય અને એ રીતે દુનિયાને મેળવીએ કે દીનની સેવક હોય. દુનિયાને પ્રત્યેક એવા તરીકાઓથી હાંસિલ કરો જેને અપનાવાથી માત્ર ભલાઈ અને ખુબી જ ન મળે ન તે તરીકો જે કોઈ બીજા વ્યકિતને તકલીફ પહોચાડવાનું કારણ બને ન કે માનવ સમાજમાં કોઈ લાજ શરમનું કારણ થાય એવી દુનિયા બેશક આખિરતની ભલાઈનું કારણ થશે.

માટે અહેમદીઓની દ્રષ્ટિથી આ વાત કદાપી છુપી ન રહે કે ઈન્સાન ધન-દૌલત અથવા પત્ની તથા પુત્રની મહોબ્બતના જોશ અને નશામાં એવો દિવાનો તથા સ્વાર્થી ન થઈ જાય કે તેના અને ખુદાતઆલા વચ્ચે એક પડદો ઉભો થઈ જાય અર્થાત દુરી ઉભી થાય, અલ્લાહતઆલાથી તાલુક ખતમ થઈ જાય પછી આપે ફરમાવ્યું કે મારા દિલમાં આ વાત આવી છે કે અલ-હમ્દોલિલ્લાહે રબ્બિલ આલમિન અરરહમાન અરરહિમ અને માલિકી યૌમિદ્દિન થી એ સાબિત છે કે ઈન્સાન તે ગુણોને ધારણ કરે અર્થાત અલ્લાહતઆલા માટે બધી સિફાતો છે. જે રબ્બુલ આલમિન છે અર્થાત પ્રત્યેક સંરચનામાં શુક્રાણુંમાં લોથડા વગેરેમાં સમસ્ત સુષ્ટિમાં અર્થાત પ્રત્યેક સૃષ્ટિમાં પછી રહેમાન છે પછી રહીમ છે તથા માલિકી યૌમિદ્દિન છે. હવે ઈય્યાકા નઅબુદુ જે કહે છે તો રહેમાનિયત અને રહીમિયત અને માલિકીયત જેવા ગુણોની છબી મનુષ્યએ ગ્રહણ કરવી જોઈએ. (આ અલ્લાહતઆલાની વિશેષત્તાઓ જે છે તેને ગ્રહણ પણ કરવી જોઈએ) ફરમાવ્યું કે મનુષ્યએ બંદો હોવાની ઉચ્ચે શ્રેણી આ છે

કે અલ્લાહતઆલાના રંગમાં રંગીન થઈ જાય...... અને જ્યાં સુધી આ સ્તર સુધી ન પહોંચી જાય ન થાકે ન હારે.

ફરમાવ્યું કે સદાચાર એ જ છે કે તે મોતનો ખ્યાલ રાખે તથા દુનિયા અને તેના સાધનો તેના એવા પ્રિય ન હોય જે તે આખરી સમયમાં અલગ થવાના સમયે તેની તકલીફનું કારણ બને અને જ્યારે આ યાદ હશે ઈન્સાન પછી નેકીઓ કરવાની કોશીશ કરશે પછી વગર કારણે તમાસાઓમાં ન પૈસા બગાડશે ન સમય બગાડશે, ન અનુચિત ખ્વાહિશોની પુરતી માટે તે વસ્તુઓને નષ્ટ કરશે પછી પવિત્ર પરિવર્તન પૈદા કરવા બાબતે આ ફરમાવે છે નિડર થઈ ન રહો અસ્તગફાર અને દુઆઓમાં લાગી જાવ અને એક પવિત્ર પરિવર્તન પૈદા કરો. હવે તે બેદરકારીનો સમય નથી ઈન્સાનને તેની આત્મા જુઠ્ઠી તસલ્લી આપે છે કે તારી આયુ લાંબી છે મોતને નજીક સમજો ખુદાનું અસ્તિત્વ સાચુ છે જે જુલ્મના માર્ગથી ખુદાના અધિકારો કોઈ બીજાને આપે છે તે દુર્દશાની મોત જોશે.

પછી પવિત્ર પરિવર્તન અને આખરતની ફિકર તકવાથી પૈદા થાય છે અને તકવા જ ઈન્સાનને સફળતા પ્રદાન કરે છે આ વિશે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ફરમાવે છે કે તકવાવાળા પર ખુદાનો એક પ્રકારનો નુર હોય છે તે ખુદાની છાયામાં હોય છે પરંતુ ઈચ્છવુ કે તકવા શુધ્ધ હોય અને તેમા શૈતાનનો કોઈપણ ભાગ ન હોય અસલ તકવા છે તેને યાદ રાખો ફરમાવ્યું કે તેના માટે તમે ઈલ્હામો અને સ્વપનો પાછળ ન પડો કોઈને ઈલ્હામ થયો, કોઈને સ્વપનું આવ્યું, કોઈ સાચો સ્વપન આવી ગયો બલ્કે તકવાની પ્રગતિ પાછળ લાગો એ ન જુઓ કે કોને કયા સાચા સ્વપન આવી રહ્યાં છે કે નથી આવી રહ્યાં એ જુઓ કે તકવા છે કે નહિ જે મુતક્કી છે તેના ઈલ્હામો પણ સાચા છે અને જો તકવા નથી ઈલ્હામો પણ વિશ્વાસપાત્ર નથી.

તકવાની પરિક્ષામાં સફળ થવા માટે પ્રત્યેક કષ્ટ ઉઠાવવા માટે તૈયાર થઈ જાઓ. તકવા પણ એક પરિક્ષા છે તેના માટે પણ મહેનત કરવી પડે છે જ્યારે મનુષ્ય આ માર્ગ પર પગલુ ભરે છે તો શૈતાન તેના પર મોટા મોટા હુમલાઓ કરે છે પરંતુ એક હદ પર પહોંચીને આખરે શૈતાન રોકાઈ જાય છે. આ તે સમય હોય છે જ્યારે માનવને મનુષ્યની ગંદી માનસિકતા પર મોત આવીને તે ખુદાની નિકટ થઈ જાય છે તે અલ્લાહનો નિશાન અને ખલિફતુલ્લાહ હોય છે ટુંકમાં અમારી તાલીમ એ જ છે કે ઈન્સાન પોતાની તમામ તાકાત ખુદા તરફ લગાવી દે.

પછી તકવાના જ હવાલાથી આપણને નસીહત કરતા ફરમાવે છે કે અહેલે તકવા માટે આ શર્ત છે કે તે પોતાનું જીવન નિર્ધનતના અને દરિદ્રતામાં પસાર કરે આ તકવાની એક શાખા છે જેના દ્રારા અનુચિત ક્રોધનો મુકાબલો કરવો છે. તકવા દ્રારા આપણેને વગર કારણે ગુસ્સો જે આવી જાય છે અથવા વગર કારણે કોઈનો ગુસ્સો આપણા પર હોય તેનો વિરોધ કરવો છે. મોટા-મોટા ઋષિમુની માટે આખરી અને સખ્ત મંજિલ ક્રોધથી બચવુ છે. અમુક લોકો મોટા લોકોને મળીને ખુબ આદરનો વ્યવહાર કરે છે (મોટો માણસ હોય, અમીર માણસ હોય તો ખુબ અદબથી મળે છે, ખુબ આદર કરે છે) પરંતુ મોટો તે છે જે ગરીબની વાત વિનમ્રતાપૂર્વક સાંભળે (કોઈ ગરીબ માણસની વાત સાંભળે અને આરામ તથા ધ્યાનથી સાંભળે) તેને આશ્વાસન આપે, તેની વાતની આદર કરે, કોઈ ચિડાઈને મોઢા પર વાત ન લાવે જેનાથી દુઃખ થાય. ખુદાતઆલા ફરમાવે છે તમે એકબીજાના ચિડવવાવાળા નામ ન લેશો આ કાર્ય દુરાચારનો છે જે વ્યકિત કોઈને ચિડાવે છે તે ત્યાં સુધી ન મરશે કે તે સ્વયં તેવી જ રીતે પરોવાઈ ન જાય પોતાના ભાઈઓને તુચ્છ ન સમજો જ્યારે એક જ ઝરણાંથી બધા પાણી પીઓ છો તો કોણ જાણે

કે કોના નસીબમાં વધારે પાણી પીવાનું છે. પ્રતિષ્ઠાવાન તથા વૈભવશાળી કોઈ દુનિયાના માધ્યામથી નથી થઈ શકતો. ખુદાતઆલાની દ્રષ્ટિમાં મોટો તે છે જે તકવાવાળો છે.

પછી આ ફરમાવે છે કે જો તમે ઈચ્છો છો કે તમને બન્ને દુનિયામાં સફળતા હાંસિલ થાય અને લોકોના દિલોમાં વિજય થાઓ તો પ્રવિત્રતા અપનાવો, અક્કલથી કામ લો અને કલામે ઈલાહીની હિદાયત પ્રમાણે ચાલો સ્વયં સુધરો અને બીજાને પોતાના સારા સ્વભાવનો નમૂનો બતાવો ત્યારે તમે સફળ થશો.

પછી આ તરફ ધ્યાન અપાવ્યા પહેલાં સ્વયં અમલ કરો આપ ફરમાવે છે કે જો આ પ્રકારના લોકો અમલી તાકાત રાખતા અને કહ્યાં પહેલા સ્વયં અમલ કરતા તો કુરાનેશરીફમાં લમ તકુલુના માલા તફઅલુન કહેવાની શુ જરૂર પડતી આ આયત જણાવે છે કે દુનિયામાં કહીને સ્વયં ન કરનાર પણ મૌજુદ હતા અને છે અને હશે માટે કુરાનશરીફના હુકમો પર અમલ કરવુ છે તો આ તરફ પણ ધ્યાન આપવું પડશે પછી આ નસીહતોને વિશેષ રૂપમાં આપણે સ્વયં આત્મનિરીક્ષણ કરીએ અને કરવું જોઈએ. પ્રત્યેકે અને આ બુનિયાદી નસીહતો કાર્યસેવકોએ પણ યાદ રાખવી જોઈએ. જે બીજાનાથી તો પરિવર્તનની આશા રાખે છે તેમને નસીહતો કરે છે પરંતુ જો પોતાના મામલામાં એવી પરિસ્થિતિ પૈદા થઈ જાય તો બીલકુલ તેનુ ઉલટ કરે છે અથવા તેમાં દલીલો તથા બહાનાઓ વાપરે છે અને ખુદાતઆલાના હુકમોને અને રસૂલના હુકમોને પછી દ્વિતિય શ્રેણી આપી દે છે ઘણાં એવા મામલા સામે આવી જાય છે.

પછી કહેવુ અને કરવું ની સમાન્તા વિશે આપ ફરમાવે છે કે તમે મારી વાત સાંભળી રાખો અને સારી રીતે યાદ કરી લો કે જો ઈન્સાનની ચર્ચા સાચા દિલથી ન હોય અને અમલી તાકાત તેમાં ન હોય તો તે પ્રભાવિત નથી થતી.

પછી પારસપરિક ભાઈચારો અને બંધુત્વ અને પ્રેમ વિશે આપ ફરમાવે છે કે જમાઅતમાં પરસ્પર પ્રેમ, ભાઈચારા વિશે પહેલા પણ ઘણીવાર કહી ચૂક્યો છું કે તમે પરસ્પર પ્રેમ, ભાઈચારો અને એકતા રાખો. ખુદાતઆલાએ મુસ્લીમોને આ જ તાલીમ આપી હતી કે તમે એકતા બનાવી રાખો નહીતર હવા નીકળી જશે. નમાઝમાં એક-બીજા સાથે જોડાઈને ઉભા રહેવાનો હુકમ પણ એટલા માટે છે કે પરસ્પર એકતા થાય વિધુતધારાની જેમ એકની ભલાઈ બીજામાં પ્રવેશ કરશે. જો મતભેદ હોય, એકતા ન હોય તો પછી અભાગ્ય રહેશો.

પછી ફરમાવે છે કે મારા અસ્તિત્વથી ઈન્શાઅલ્લાહ એક નેક જમાઅત પૈદા થશે પરસ્પર મતભેદનું કારણ શું છે ? કંજુસી છે, ઘમંડ છે, અંહકાર છે અને જઝબાત છે ફરમાવ્યું એવા તમામ લોકોને ખુબ તકલીફ સાથે આપ ફરમાવે છે જે કંજુસ પણ છે અને ઘમંડી છે અને પોતાના જઝબાત પર કાબૂ નથી મેળળતા તે લોકોને જમાઅતથી અલગ કરી નાખીશ જે પોતાના જઝબાત પર કાબૂ નથી મેળવી શકતા અને પરસ્પર પ્રેમ અને ભાઈચારાથી નથી રહી શકતા જે એવા છે તે યાદ રાખે કે તે થોડાક દિવસના જ મહેમાન છે. જ્યાં સુધી કે ઉમદા નમૂનો ન દેખાડે હું કોઈના કારણે મારા પર આરોપ લેવા નથી માંગતો એવો વ્યકિત જે મારી જમાઅતમાં રહીને મારા ઈરાદા પ્રમાણે ન હોય તે સુખી ડાળ છે તેને માળી કાપે નહી તો શું કરે. સુખી ડાળ બીજી લીલી ડાળની સાથે રહીને પાણી તો ચૂસે છે પરંતુ હરીભરી નથી થઈ શકતી બલ્કે તે ડાળ બીજી ડાળને પણ લઈ બેસે છે.

પછી દુઆ કબૂલ થવા બાબતે આપ ફરમાવે છે કે આ વાત પણ મનની એકાગ્રતાથી સાંભળી લેવી જોઈએ કે દુઆ કબૂલ થવા માટે અમૂક શર્તો છે તેમાંથી અમૂક દુઆ કરનાર અને અમુક દુઆ કરાવનાર વિશે હોય છે. દુઆ કરાવનાર માટે જરૂરી છે કે તે અલ્લાહતઆલાનો ખૌફ સામે રાખે તથા તેની વ્યકિતગત નિષ્પક્ષતાથી હંમેશા ડરતા રહે અને સુલેહકારી તથા ખુદા પરસ્તી પોતાનો નિયમ બનાવી લે. તકવા તથા સદાચાર દ્વારા ખુદાતઆલાને ખુશ (પ્રસન્ન) કરે તો આવી અવસ્થામાં દુઆ માટે કબૂલ થવાનો દ્વાર ખોલવામાં આવે છે.

જે પરિસ્થિતિઓમાં તકવાની શર્ત દુઆને કબૂલ થવા માટે એક અનિવાર્ય અનુબંધ છે તો એક મનુષ્ય અજ્ઞાની તથા ભ્રષ્ટ થઈને જો દુઆને કબૂલ કરાવા ચાહે તો શું તે મૂર્ખ તથા નાદાન નથી માટે આપણી જમાઅત માટે જરૂરી છે કે જ્યાં સુધી સંભવ હોય પ્રત્યેક તેમાંથી તકવાના માર્ગ પર કદમ મારે જેથી દુઆ કબૂલ થવાનો આનંદ તથા હર્ષ પ્રાપ્ત કરે તથા ઈમાનમાં વૃધ્ધિનો સૌભાગ્ય પ્રાપ્ત કરે.

અલ્લાહતઆલા કરે કે આપણે આપણા જીવનને આપ (અ.સ.) ની અભિલાષા અનુસાર ઢાળનાર થઈએ તથા આપણા કદમ નેકીઓ તરફ વધનાર થઈએ આપણે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની દુઆઓને નષ્ટ કરનાર ન બનીએ બલ્કે તે દુઆઓને જે આપ (અ.સ.) એ પોતાની જમાઅત માટે કરી છે તેના હંમેશા વારસદાર બનીએ આ દુઆ સાથે આપ સૌને નવા વર્ષની મુબારકબાદી આપુ છું અલ્લાહતઆલા આ વર્ષને આપણા માટે વ્યકિતગત અને સામુહિક રૂપથી પણ અસંખ્ય બરકતોનું કારણ બનાવે. આમીન..........

************************************************************

**Khulasa Khutba Jumma Huzoor Anwar 01 January 2016 (Gujarati)**

**BOOK POST (PRINTED MATTER)**

**To,** ________________________________________

________________________________________

**Ahmadiyya Muslim Community.**
**From : Office Masroor Manzil, Al-Aman Society, Narol, Ahmedabad-382405, Gujarat.**

**BOOK POST (PRINTED MATTER)**

**To, ..............................................................................................**